# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથ અમૃત મહોત્સવને આવતા એક હજાર વર્ષ માટે ભારતની પ્રેરણા ગણાવ્યો.
2. પ્રધાનમંત્રીએ રોડ શો દ્વારા મંદિરમાં પહોંચી પૂજા અર્ચના અને મંદિરના કુંભાભિષેક કરીને દિલધડક એર શો નિહાળ્યો.. સાંજે વડોદરામાં સરદાર ધામનું ઉદઘાટન કરશે.
3. મધ્યપ્રદેશ સરકારે જબલપુરમાં સર્જાયેલી બરગી ડેમ બોટ અકસ્માતની ઘટનાની ન્યાયિક તપાસ માટે તપાસ પંચની રચના કરી.
4. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની સત્તાવાર મુલાકાત જશે.
5. નબળા વૈશ્વિક સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં ઘટાડો.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MODI SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજથી 75 વર્ષ પહેલા આજના જ દિવસે સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ એ કોઈ સામાન્ય પ્રસંગ નહતો. વર્ષ 1951માં સોમનાથ મંદિરની પુનઃ પ્રાણપ્રતિષ્ઠાએ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદ્ઘોષ કર્યો હતો. સોમનાથ અમૃત મહોત્સવને સંબોધતા શ્રી મોદીએ આ મહોત્સવને આવતા એક હજાર વર્ષ માટે ભારતની પ્રેરણા ગણાવ્યો.

## (BYTE: NARENDRA MODI, PRIME MINISTER)

શ્રી મોદીએ વધુમાં કહ્યું, ભગવાન શિવજીની શરણમાં અહીં સોમનાથ અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. આ બધું ભગવાન સદાશિવની જ લીલા છે.

# PM SOMNATH

ઐતિહાસિક અને પ્રથમ જ્યોર્તિલીંગ એવા ગુજરાતના સોમનાથમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંદિરના પુનઃનિર્માણના 75 વર્ષ પૂર્ણ થતા સોમનાથ અમૃત પર્વની ઉજવણીમાં સહભાગી થયા છેઆજે . સવારે તેઓ જામનગરથી સોમનાથ પહોંચ્યા હતા જ્યાં તેમનું ડમરુના નાદ અને પુષ્પવર્ષા સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું સોમનાથમાં તેમણે રોડ શો . યોજ્યો હતોરાજ્યના .. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સાથે તેઓ હજારોની સંખ્યામાં માર્ગો ઉપર ઉમટેલા નાગરિકોનું અભિવાદન ઝિલતાં સોમનાથ મંદિર પહોંચ્યા હતા. માર્ગમાં તેમણે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી.

ઋષિકુમારોના મંત્રોચ્ચાર વચ્ચે અને ડમરૂના વાદન સાથે તેઓ મંદિર પરિસરમાં પહોંચ્યા હતા જ્યાં તેમણે સોમનાથ ભગવાનની વિશેષ પૂજા અર્ચના કરી હતીઆ પ્રસંગે સોમનાથના ઇતિહાસમાં . પ્રથમવાર મંદિરના શિખર ઉપર કુંભાભિષેક કર્યો હતોદેશના અલગઅલગ .. તીર્થોમાંથી લવાયેલા જળનો કુંભાભિષેક કરાયો હતો.

કુંભાભિષેક બાદ ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ ટીમ દ્વારા દિલધડક એર શો થયો હતો જેને પ્રધાનમંત્રી સહિત ઉપસ્થિત જનમેદનીએ નિહાળ્યો હતો આ દરમિયાન હેલિકોપ્ટર દ્વારા મંદિર ઉપર પુષ્પવર્ષા પણ કરાઇ હતીએર .. શો બાદ પ્રધાનમંત્રીએ સોમનાથના ઇતિહાસના તાદ્રશ્ય કરતાં અદભૂત પ્રદર્શનને પણ નિહાળ્યુ હતું.

# VADODARA SARDAR DHAM

સોમનાથ અમૃત પર્વ ઉજવણીમાં ભાગ લીધા બાદ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે વડોદરાની મુલાકાત લેશે. જ્યાં તેઓ ગુજરાતના ત્રીજા સુસજ્જ સરદાર ધામનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, સરદાર ધામ પ્રોજેક્ટ સંબંધિત વિવિધ શૈક્ષણિક અને એકતા-મજબૂત કરતી યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવશે. તેમને પાટીદાર રત્ન એવોર્ડ એનાયત કરવામાં આવશે..આ પ્રોજેક્ટમાં 1,000 વિદ્યાર્થિનીઓ અને 1,000 વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સુવિધાઓ, તેમજ સેન્ટ્રલ ડાઇનિંગ હોલ, પુસ્તકાલય અને ઓડિટોરિયમ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. શ્રી મોદી સરદારધામ સંકુલમાં સ્વાગત વિસ્તાર, નાગરિક સુવિધાઓ, ડાઇનિંગ વિસ્તાર અને ઇ-લાઇબ્રેરી સહિત વિવિધ સુવિધાઓની પણ મુલાકાત લેશે. પ્રધાનમંત્રી સભાને સંબોધિત કરશે.

# PM - FUEL CONSUMPTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે લોકોને એક વર્ષ સુધી સોનું ન ખરીદવા, બળતણનો વપરાશ સંયમથી કરવા અને વિદેશી હૂંડિયામણ બચાવવા અપીલ કરી. તેલંગાણાના હૈદરાબાદમાં એક કાર્યક્રમને સંબોધતા, શ્રી મોદીએ ઘરેથી કામ કરવાની પ્રથાને પુનર્જીવિત કરવાની હાકલ કરી.

પ્રધાનમંત્રીની અપીલ એવા સમયે આવી છે જ્યારે પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને હોર્મુઝ સામુદ્રધૂનીની આસપાસના વિક્ષેપોને કારણે વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવ લગભગ 70 ડોલરથી વધીને 126 ડોલર પ્રતિ બેરલ થયા છે. પ્રધાનમંત્રીએ નાગરિકોને વિવેકાધીન ખર્ચ પર પુનર્વિચાર કરવા પણ અપીલ કરી. પ્રધાનમંત્રીએ નાગરિકોને ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવા અને ખેડૂતોને વિદેશથી આયાત થતા રાસાયણિક ખાતરો પર નિર્ભરતા ઘટાડવા અપીલ કરી.

# HP - ACCIDENT

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના ભાટિયાટ સબડિવિઝનમાં કાકીરા-લહારુ રોડ પર કાર અકસ્માતમાં છ પ્રવાસીઓના મોત થયા હતા. અન્ય ચાર પ્રવાસીઓને ગંભીર ઇજાઓ પહોંચી છે. ઘાયલોને નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મૃતકોમાંથી પાંચ ગુજરાતના ભાવનગરના એક જ પરિવારના સભ્યો હતા જ્યારે એક મૃતક ડ્રાઈવર મંડી જિલ્લાનો રહેવાસી હતો.

ચંબા પોલીસ અધિક્ષક વિજય સકલાનીએ જણાવ્યું હતું કે અકસ્માત સમયે આ વિસ્તારમાં ભારે વરસાદ પડી રહ્યો હતો. પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

# MP-BARGI DAM ACCIDENT

મધ્યપ્રદેશ સરકારે જબલપુરમાં થયેલા બરગી ડેમ બોટ અકસ્માતની ન્યાયિક તપાસ કરવા વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ સંજય દ્વિવેદીના નેતૃત્વમાં એક સભ્યના તપાસ પંચની રચના કરી છે.રાજયના સામાન્ય વહીવટ વિભાગે ગઇકાલે રાત્રે આ સંદર્ભમાં સત્તાવાર જાહેરાત કરી હતી.

પંચ અકસ્માતના કારણોની તપાસ કરશે અને બચાવ કામગીરી અંગે ત્રણ મહિનામાં સરકારને પોતાનો અહેવાલ સુપરત કરશે. આ ઉપરાંત રાજ્યમાં કાર્યરત તમામ બોટ અને ક્રુઝ જહાજો માટે નવી સલામતી માનક સંચાલન પ્રક્રિયા -SOP પણ તૈયાર કરશે.

૩૦ એપ્રિલે ભારે વાવાઝોડાને કારણે બરગી ડેમ જળાશયમાં બોટ ડૂબી જતાં 13ના મોત, જ્યારે ૨૮ અન્ય લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# NATIONAL TECHNOLOGI DAY

ભારતની વૈજ્ઞાનિક સિદ્ધિઓ, નવીન સંશોધનો અને ટેક્નોલૉજીના ક્ષેત્રમાં આત્મનિર્ભરતાના પ્રતિક સમા રાષ્ટ્રીય ટૅક્નોલૉજી દિવસની આજે ઉજવણી કરવામાં આવી રહી છે. 11 મે, 1998ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે કરાયેલા સફળ પરમાણુ પરીક્ષણના સન્માનમાં આ દિવસ ઉજવાય છે.

તત્કાલીન પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીના નેતૃત્વમાં અને મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની દેખરેખ હેઠળ ભારતે આજના દિવસે 'ઑપરેશન શક્તિ' પાર પાડ્યું હતું. આ સફળતા સાથે ભારત પરમાણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બન્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ,ગૃહ મંત્રી અમિત શાહ અને સરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના મહાનુભાવોએ રાષ્ટ્રીય ટૅક્નોલૉજી દિવસ નિમિત્તે શુભેચ્છાઓ  પાઠવી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું, વર્ષ 1998 માં પોખરણમાં થયેલા સફળ પરીક્ષણો ભારતની વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા અને અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું, ટેકનોલોજી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં મુખ્ય આધારસ્તંભ બની છે અને તે નવીનતાને વેગ આપી તકોનો વિસ્તાર કરી રહી છે.

# JITENDRA SINGH – TECH DAY

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે . રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ ભારતની વૈજ્ઞાનિક નવીનતા, ટેકનોલોજી, પ્રગતિ અને વિજ્ઞાન, સમાજ અને ઉદ્યોગ વચ્ચેના તાલમેલ પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છેસિંહે જણાવ્યું હતું કે .ડૉ . આત્મનિર્ભરતા અને વાસ્તવિક દુનિયા પર અસર કરતી વૈજ્ઞાનિક નવીનતાઓના વિઝન પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે .

ડૉતરફ આગળ વધી રહ્યો છે 2047 સિંહે કહ્યું કે જેમ જેમ દેશ ., તેમ તેમ વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનતા આર્થિક વિકાસ, વ્યૂહાત્મક સ્વાયત્તતા, સામાજિક પરિવર્તન અને ટકાઉ ભવિષ્યને ઉત્પ્રેરિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા રહેશે.

# CHANDRANATH-MURDER—SIT

વિશેષ તપાસ ટીમ -SITએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુબેન્દુ અધિકારીના અંગત સહાયક ચંદ્રનાથ રથની હત્યાના સંદર્ભમાં ઉત્તર પ્રદેશમાંથી ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છેધરપકડ કરાયેલા ત્રણેય . હત્યાના ષડયંત્રમાં સામેલ લોકોને .કુખ્યાત શૂટર છેશોધવાના પ્રયાસો ચાલી રહ્યાં છે.

# US TRUMP CHINA VISIT

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના આમંત્રણ પર અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ થી ૧૫ મે દરમિયાન ચીનની સત્તાવાર મુલાકાત લેશે. લગભગ નવ વર્ષમાં કોઈ પણ અમેરિકન રાષ્ટ્રપતિની આ પહેલી ચીનની મુલાકાત હશે.

આ મુલાકાત અમેરિકા-ઇઝરાયલ-ઈરાન યુદ્ધ, હોર્મુઝ સ્ટ્રેટના નાકાબંધીને કારણે વૈશ્વિક ઉર્જા સંકટ અને તાઇવાન સહિતના અનેક મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે વધતા તણાવ વચ્ચે થઈ રહી છે.

અમેરિકાના મુખ્ય ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી અન્ના કેલીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ બુધવારે સાંજે બેઇજિંગ પહોંચશે. કેલીના જણાવ્યા અનુસાર, અમેરિકન નેતા ગુરુવારે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે સ્વાગત સમારોહ અને દ્વિપક્ષીય બેઠકમાં હાજરી આપશે, ત્યારબાદ મંદિરની મુલાકાત અને ભોજન સમારંભમાં હાજરી આપશે.

# STOCKS-1200

આજે બપોરના સમયે નબળા વૈશ્વિક સંકેતો વચ્ચે બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતાછેલ્લા અહેવાલો આવ્યા . ત્યારે સેન્સેક્સ900 પોઈન્ટ ઘટીને 76 હજાર 400ની સપાટી પર કારોબાર કરી રહ્યો હતો જ્યારે નિફ્ટી 240 પોઈન્ટ ઘટીને 23 હજાર 9ની 00 આસપાસ કારોબાર કરી રહ્યો હતો.

મોટાભાગના ક્ષેત્રોમાં નબળાઈ જોવા મળી હતી જેમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિયલ્ટી અને ઓટો સૌથી વધુ ઘટ્યા હતા જ્યારે . હોસ્પિટલો, હેલ્થકેર અને ફાર્મા શેરો પોઝિટિવ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.

# BHUPENDR YADAV - MEETING

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે આજે નવી દિલ્હીથી ઓસ્ટ્રેલિયાના આબોહવા અને ઉર્જા મંત્રી ક્રિસ બોવેન સાથે વર્ચ્યુઅલ મીટિંગ કરી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી યાદવે જણાવ્યું હતું કે તેઓએ કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ ની પ્રાથમિકતાઓ અને આ વર્ષના અંતમાં વાટાઘાટો માટેના એજન્ડા પર ચર્ચા કરી હતી. શ્રી યાદવે કહ્યું હતું કે ભારત 2031-35 વર્ષ માટે તેના ઇન્ટેન્ડેડ નેશનલલી ડિટરમાઇન્ડ કોન્ટ્રીબ્યુશનને સંયુક્ત રાષ્ટ્રના આબોહવા પરિવર્તન માળખામાં સબમિટ કરીને ઉકેલનો ભાગ બનવા માટે પ્રતિબદ્ધ છે.

# VAISHNAW - FOREIGN EXCHANGE

ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નાગરિકો અને વ્યવસાયોને વિદેશી હૂંડિયામણની જરૂર હોય તેવી વસ્તુઓ પર ખર્ચ ઘટાડવાની અપીલ કરી છે.

આજે નવી દિલ્હીમાં CII વાર્ષિક વ્યાપાર સમિટને સંબોધતા, શ્રી વૈષ્ણવે કહ્યું કે પશ્ચિમ એશિયામાં હજુ પણ સંઘર્ષ ચાલુ છે અને યુદ્ધવિરામ હજુ દૂર છે, તેથી દેશ માટે આર્થિક મોરચે જવાબદારીપૂર્વક કાર્ય કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે ભાર મૂક્યો કે નાગરિકોએ તેમના રોજિંદા જીવનમાં એવા ક્ષેત્રો ઓળખવા જોઈએ જ્યાં વિદેશી હૂંડિયામણ ખર્ચ ઘટાડી શકાય.